જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૪૫૧ લીટર દેશી દારૂ અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૦૨/૧૭

**ચાંદખેડા** : રમીલાબેન વા/ઓ ડાહ્યાભાઈ પુરૂષોતમભાઈ શ્રીમાળી (ઉ.વ.૬૦)(રહે,કેશવકુંજ સોસાયટી સંસ્કાર વિધ્યાલય પાસે, ચાંદખેડા) એ તા.૨૯/૧/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના દિકરા નિલેષભાઇ ડાહ્યાભાઇની પત્નીનો ડોક્ટર રાજેશ કટારા (નોકરી હાલ:- બી.જે.મેડીકલ કોલેજ સિવીલ હોસ્પીટલ) નાઓ સાથે પ્રેમસબંધ હોઇ, તેની જાણ નિલેષભાઇને થતાં, બંને આરોપીઓએ એકબીજાની સાથે અવેધ પ્રેમસંબધ રાખી, નિલેષભાઇને આત્મહત્યા કરવા સુધી દુષ્પ્રેરીત કરતાં, નિલેષભાઇએ તા.૧૧/૦૧/૨૦૧૭ સવારનાં ૯/૦૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાનાં હુક સાથે નાયલોનની દોરી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એચ.બી.કરણ ચલાવે છે.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૦૩/૧૭

**માધવપુરા** : વિનોદકુમાર અમૃતલાલ ધનેશા (ઉવ.૬૭)(રહે,ચીનાઈબાગ ફ્લેટ, લો ગાર્ડન, એલીસબ્રીજ) એ તા.૨૯/૧/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે ડિસેમ્બર/૨૦૧૩ પછી જુદી-જુદી તારીખે આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી તેજસ કિરણકુમાર ત્રિવેદી (રહે.બ્લોક નં-સી, સુરભી ફ્લેટ ડો.ફુક રોડ, આણંદ) એ વિનોદકુમારની શ્રી અમૃત ટ્રેડર્સ નામની ઓફિસમાંથી કોલસાની ખરીદી કર્યા બાદ તે કોલસા પેટે ચુકવવાનાં બાકી નિકળતા કુલ રૂપીયા ૧,૬૫,૦૦,૦૦૦/- ખોટા-ખોટા વાયદાઓ કરી, આજદિન સુધી વિનોદકુમારને નહીં ચુકવી, વિનોદકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૪/૧૭**

**ઓઢવ** : મીનાબેન વા/ઓ અખિલેશ પાસવાન (ઉ.વ.૩૦)(રહે,નેહલપાર્ક આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૧૭ સાંજનાં ૫/૧૫ વાગ્યાના સુમારે મીનાબેનનાં એક જોડી સોનાનાં ઝુમ્મર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, પગની આંગળીમાં પહેરવાની ચાંદીની છ વીંટીઓ કિંમત રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૨,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૫/૧૭**

**વટવા જી.આઇ.ડી.સી.** : મુકેશભાઈ રામભાઈ પટેલ (રહે,કર્ણાવતી માધવ સ્કુલની બાજુમાં નિંરાત ચાર રસ્તા વસ્ત્રાલ) એ તા.૨૮/૧/૧૭ ના કલાક ૯/૩૦ વાગે ભગવતી મોટર્સ નામનાં ગેરેજ પાસે સર્વિસ રોડ ઉપર પોતાની સેન્ટ્રો ગાડી નંબર જીજે.૦૧.એચ.એફ.૭૮૮૧ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- પાર્ક કરી હતી જેની ચોરી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મુકેશભાઈ પટેલએ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી વિ.એન.વાઘેલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૬/૧૭**

**સરખેજ** : જીતેન્દ્રભાઈ બંસીલાલ ચોહાણ (રહે,સુર્યા કોમ્લ્પેક્ષ, ચાણકયપુરી, જે.જે.હોસ્પીટલ સામે, ઘાટલોડીયા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૧/૧૭ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે દેબીજી રૈગર નાઓ છોટા હાથી ગાડીને બહાર કાઢવા સારૂ પાછળથી ધક્કો મારતાં હતા દરમ્યાન એક આઈસર ગાડી નંબર જીજે.૧.સી.ટી.૯૯૨૪ નાં ચાલકે આઇશર ગાડી રીવર્સમાં બેદરકારીથી ચલાવી લાવતાં, દેબીજી રૈગરને ગંભીર ઇજાઓ થતાં, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**સાઇટ બિલ્ડીંગ ઉપરથી નીચે પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૭/૧૭**

**શાહીબાગ** : રીજુસીગ સુરેન્દ્રસીગ સીનોર (ઉ.વ.૨૫)(રહે,શકિતધર મુદલાટાઉન કોલકતા વેસ્ટ બંગાલ) તા.૨૯/૦૧/૧૭ સાંજનાં ૪/૫૦ વાગ્યાના સુમારે શાહીબાગ ખાતે આવેલ શિવાલીક રેસીડેન્સી નામની અન્ડર કંસ્ટ્રકશન સાઇટની દસ માળની બિંલ્ડીગ પર કામ કરતાં-કરતાં, નીચે પડી જતાં રીજુસીંગનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ..ઈ.શ્રી લાલજીભાઇ ચેહોરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮/૧૭**

**સાબરમતી** : કવિતાબેન અલ્પેશભાઇ ઠાકોર (ઉ.વ.૩૦)(રહે,મહુડાવાળી ચાલી, ધર્મનગર સાબરમતી) પોતે માનશીક રીતે બીમાર હોઇ તા.૨૯/૧/૧૭ સવારનાં ૧૧/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના પિયરનાં ઘરે છતના હુકમાં સાડીનો છેડો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પો.કમિ.શ્રી “એલ” ડિવીઝન નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગર** : મુકેશભાઇ શીતલપ્રસાદ ચૌહાણ (ઉ.વ.૨૦)(રહે,વિક્રમભાઇ રબારીના મકાનમાં બીજો માળ, પાશ્વનાથ ટાઉનશિપ, શક્તિચોક નરોડા) એ તા.૨૯/૧/૧૭ ના કલાક ૯/30 થી ૧૧/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે કોઇ અગમ્ય કારણસર સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)